પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૧૯૭ • કુલ પાના : ૪ • તારીખ : ૧૫-૦૪-૨૦૨૨ શુક્રવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## જે લોકોએ પહેલાથી પાર્ટી છોડવાનું નક્કી કર્યુ તેમને અમે રોકી શકતા નથી : કોંગ્રેસ

અમદાવાદ,

હાર્દિક પટેલના નરેશ પટેલના નિવેદન પર રઘુ શર્માની આકરી પ્રતિક્રિયા સામે આવી છે. કોંગ્રેસ પ્રભારી રઘુ શર્માએ હાર્દિકને કહ્યુ કે, બધાએ શિસ્તમાં રહેવું જોઈએ. શું હાર્દિકે નરેશ પટેલને પૂછીને નિવેદન આપ્યું હતું? દરેક પાર્ટી અને વ્યક્તિની સમસ્યા હોય જ છે.

નોંધનીય છે કે, નરેશ પટેલના



રાજકારણમાં પ્રવેશ મુદ્દે રાજકારણ ગરમાયું છે ત્યારે હાર્દિકે પટેલે પોતાની જ પાર્ટી પર નિશાન સાધ્યું હતું. એક નિવેદનમાં ગઈકાલે હાર્દિકે કહ્યું હતું કે, કોંગ્રેસના હાઈકમાન્ડે જલદી નિર્ણય લેવો જોઈએ. કોંગ્રેસના કહેવાતા નેતાઓ નરેશ પટેલની ડિમાન્ડની વાત કરે છે, પણ નરેશભાઈએ પાર્ટી પાસે કોઈ ડિમાન્ડ નથી મૂકી, તેવું હાર્દિક કહ્યું હતું અને હાર્દિકે વધુમાં જણાવ્યું હતું કે, જો યોગ્ય નિર્ણય લેવો હોયતો જલદી લો એટલે નરેશભાઈનું વારંવાર થતું અપમાન બંધ થવું જોઈએ. હવે આ મુદ્દે કોંગ્રેસના પ્રદેશ પ્રભારી રઘુ શર્માએ હાર્દિક પટેલને શીખામણ આપી છે.

હાર્દિકના નરેશ પટેલના નિવેદન પર રઘુ શર્માએ પ્રતિક્રીયા આપતા કહ્યુ કે, જો તમને ફરિયાદ હોય તો અમને જાણ કરો. જાહેરમાં નિવેદનો કરવાથી ક્યારેય સમસ્યાનું સમાધાન ન થાય. કોંગ્રેસ પાર્ટીમાં શિસ્ત ખૂબ જરૂરી છે. જો શિસ્ત ન હોય તો પાર્ટી ન ચાલી શકે. અનુસાસનમાં તમામ લોકોએ રહેવું ખૂબ જરૂરી છે.

તો બીજી તરફ, ઈન્દ્રનીલ રાજ્યગુરૂના રાજીનામાં અંગે કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોરે કહ્યુ કે, ઈન્દ્રનીલને જ્યાં જોઈએ ત્યાં ધારાસભાની ટિકિટ આપી હતી. તેમના ટેકેદારોને પણ મનગમતા હોદ્દાઓ આપ્યા હતા. અગાઉ નારાજગી સમયે પ્રભારીની મધ્યસ્થી બાદ માંગે એ ઓર્ડર અપાયા હતા. પ્રદેશ નેતૃત્વ ના કારણે કોઈ પક્ષ ના છોડે એની જવાબદારી અમારી છે. પરંતુ જે લોકોએ પહેલાથી જ નક્કી કર્યુ હોય એમને અમે રોકી શકતા નથી. ઈન્દ્રનીલને આપવામાં કોંગ્રેસે શું બાકી રાખ્યું હતું? ઈંદ્રનીલને કોંગ્રેસે ઉપપ્રમુખ, ભાવનગર લોકસભાના પ્રભારી અને ધારાસભાની ટિકિટ આપી હતી.

કોંગ્રેસમાંથી રાજીનામું આપીને ઈન્દ્રનીલ રાજ્યગુરૂ આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. આ મામલે કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરે કહ્યું કે, ઈન્દ્રનીલ રાજ્યગુરુને જ્યાં જોઈએ ત્યાં ધારાસભ્ય પદની ટિકિટ આપી હતી. કોંગ્રેસ ઈન્દ્રનીલ રાજ્યગુરૂને ઉપપ્રમુખ, લોકસભાના પ્રભારી, ધારાસભ્યની ટિકિટ આપી હતી. સાથે જ તેમના ટેકેદારોને કોંગ્રેસે મનગમતા હોદ્દા આપ્યા હતા. અગાઉ જ્યારે તેઓ નારાજ થયા ત્યારે ઈન્દ્રનીલ રાજ્યગુરૂએ પ્રભારીની મધ્યસ્થી સમયે ઓર્ડર માગ્યા હતા. સાથે જ તેમણે કહ્યું કે, પ્રદેશના નેતૃત્વની જવાબદારી અમારી છે, પરંતુ જે લોકોએ પહેલાથી નક્કી કર્યુ તેમને અમે રોકી શકતા નથી.

## ગુજરાત સરકારની જાહેરાત, શિષ્યવૃત્તિની આવક મર્યાદા વધારીને ૬ લાખ કરાઈ

ગાંધીનગર,

આજે આંબેડકર જયંતિએ રાજ્ય સરકારે મોટી જાહેરાત કરી છે. જેમાં અનામત વર્ગના તમામ વિદ્યાર્થીઓને સરકારી યોજનાના લાભ માટે આવક મર્યાદા વધારાઈ છે. અનામત કેટેગરીના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિના લાભ માટે આવક મર્યાદા ૨.૫ લાખથી વધારીને ૬ લાખ કરાઈ છે.

ગાંધીનગર સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી પ્રદીપ પરમાર દ્વારા આ જાહેરાત કરવામાં આવી કે, દરેક યોજના માટે લાભ લેવા માટે ૬ લાખની આવક મર્યાદા કરાઈ છે. એમફીલ પીએચડી સહિત શાળામાં ભણતા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ માટે આવક મર્યાદામાં વધારો કરાયો છે. અગાઉ અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને મળતી શિષ્યવૃત્તિના લાભ માટે આવક મર્યાદા ૨.૫૦ લાખ હતી. ત્યારે હવે ૬ લાખ રૂપિયા સુધી આવક મર્યાદા ધરાવતા તમામ લોકોને શિષ્યવૃત્તિનો લાભ મળશે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી પ્રદીપ પરમાર જણાવ્યું છે કે રાજ્યના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સહાયરૂપ થવા માટે આજે ડૉ.બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી નિમિત્તે રાજ્ય સરકારે મહત્વની ભેટ આપીને તેમને અપાતી સહાયની આવક મર્યાદામા નોધપાત્ર વધારો કરીને રૂપિયા ૬ લાખ કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. જેનો અદાજે એક લાખથી વધુ વિદ્યાર્થીઓને લાભ મળશે. રાજ્યના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના સર્વાંગી અને આર્થિક વિકાસ માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની અમારી સરકારે અનેકવિધ નવતર આયામો હાથ ધરીને આ વખતના અંદાજપત્રમાં પણ પૂરતા પ્રમાણમાં નાણાંકીય જોગવાઈઓ કરી છે ત્યારે આ વધારો આ વિધાર્થીઓને સહાયરૂપ થવામા મહત્વની ભૂમિકા અદા કરશે.

રાજ્ય સરકારે લીધેલા મહત્ત્વના નિર્ણયની વિસ્તૃત વિગતો આપતાં મંત્રીએ કહ્યું હતું કે અનુસૂચિત જાતિની આવક મર્યાદામા વધારો કરવાથી રાજ્ય સરકાર ઉપર રૂપિયા ૫૦ કરોડનું વધારા નુ ભારણ વિદ્યાર્થીઓ વતી ઉપાડશે. અનામત વર્ગના વિદ્યાર્થીઓ માટે આવક મર્યાદા પહેલા ગ્રામીણ વિસ્તાર માટે રૂપિયા ૧.૨૦ લાખ હતી, જયારે શહેરી વિસ્તારમાં પહેલા ૧.૫૦ લાખ હતી. જેને ધ્યાને લ?ઈને વધુ વિદ્યાર્થીઓને લાભ મળે એ માટે આવક મર્યાદામાં સુધારો કરવામાં આવ્યો છે. જેનો ત્વરીત અમલ કરાશે. આ વધારાનો લાભ એસસી, ઓબીસી, ઈબીસી, માયનોરિટી વિદ્યાર્થીઓને લાભ મળશે.

### સરકારી યોજનાઓમાં વિલંબ માટે અમલદારો જવાબદાર

## અમલદારોની ઉદાસીનતાને કારણે જરૂરિયાતમંદોને તેનો લાભ સમયસર મળી શકતો નથી

નવીદિલ્હી,

સરકાર જનહિત માટે યોજનાઓ બનાવે છે, પરંતુ આ યોજનાઓના અમલીકરણ માટે જવાબદાર અમલદારોની ઉદાસીનતાને કારણે જરૂરિયાતમંદોને તેનો લાભ સમયસર મળી શકતો નથી. ઉપરોક્ત ટિપ્પણી કરીને, સંસદની એક સમિતિએ કેન્દ્રને અમલદારોની વ્યવહારિક ક્ષમતાને મજબૂત કરીને યોગ્ય જાહેર સેવા પૂરી પાડવાનું વલણની જાણવની કરવા નિર્દેશ આપ્યો.

કર્મચારી, જાહેર ફરિયાદો અને કાયદો અને ન્યાય અંગેની સંસદની સ્થાયી સમિતિએ તાજેતરમાં સંસદમાં રજૂ કરેલા તેના અહેવાલમાં નાગરિકોને માલસામાન અને સેવાઓની સમયમર્યાદામાં ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે એક યોજનાની ભલામણ કરી છે. જેમાં સરકારી અધિકારીઓ માટે પુરસ્કાર અને સજા સંબંધિત યોગ્ય પગલાં શામેલ કરવાની પણ સલાહ આપી છે જેથી તે વધુ અસરકારક બની શકે."સમિતિનું માનવું છે કે સરકારી યોજનાઓના અમલીકરણ અને સેવાઓની ઉપલબ્ધતાના સંદર્ભમાં એક મુખ્ય અવરોધ એ છે કે અમલદારો યોજનાઓ અને કાર્યક્રમો પ્રત્યે ઉદાસીન રહે છે," અહેવાલ જણાવાયું છે. આવી સ્થિતિમાં આ સમિતિ ભલામણ કરે છે કે વહીવટી વિભાગ અને જાહેર ફરિયાદ વિભાગે યોગ્ય કાર્યક્રમો કરવા જોઈએ અને અમલદારોમાં જાહેર સેવા વિશે યોગ્ય ભાવના કેળવવા માટે પહેલ કરવી જોઈએ.

સમિતિના જણાવ્યા અનુસાર, ઈ-ગવર્નન્સ સુધારવા માટે વિભાગ દ્વારા તાજેતરમાં ઈ-ઓફિસ સિસ્ટમ લાગુ કરવામાં આવી હતી. આનાથી માત્ર સરકારી કામમાં ઝડપ અને કાર્યક્ષમતામાં વધારો થયો છે, તેમજ નિર્ણય લેવાની પ્રક્રિયામાં પણ ફેરફાર જોવા મળ્યો છે. કોરોના સમયગાળા દરમિયાન ઘરેથી કામ કરવાની વ્યવસ્થામાં તેનું મહત્વ સાબિત થયું છે. આને ધ્યાનમાં રાખીને સમિતિએ કહ્યું છે કે કેન્દ્ર સરકારના તમામ મંત્રાલયો, વિભાગો અને સંસ્થાઓમાં પ્રાધાન્યતાના ધોરણે ઈ-ઓફિસની સિસ્ટમ લાગુ કરવી જોઈએ.સમિતિએ કહ્યું, 'અધિકારીઓને ઈ-ઓફિસમાં યોગ્ય તાલીમ આપવી જોઈએ. અધિકારીઓને તેમનું સત્તાવાર કામ ઈ-ઓફિસ દ્વારા જ કરવા માટે પ્રોત્સાહિત કરવાના પ્રયાસો કરવા જોઈએ.

સમિતિનો આ અહેવાલ ૨૦૨૨-૨૩ માટે વહીવટી સુધારણા અને જાહેર ફરિયાદ વિભાગ અને પેન્શન અને પેન્શનર્સ કલ્યાણ વિભાગ સાથે સંબંધિત અનુદાનની માંગ પર છે. આમાં, સમિતિએ એમ પણ કહ્યું છે કે પેન્શન અને પેન્શનર્સ કલ્યાણ વિભાગે કેન્દ્ર સરકારના તમામ સંગઠનોના પેન્શનરોને એકીકૃત કરવાની સંભવિતતાની શોધ કરવી જોઈએ.



મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# સંતરામપુર તાલુકાના દસ ગામોની પાણી વગર હાલત પાછી કફોડી બની




તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર તાલુકાના ગોધર ગામે કડાણા જૂથ પાણી યોજના છેલ્લા ઘણા સમયથી બંધ રહેતા ૧૦ ગામોમાં લોકોની પરિસ્થિતિ કફોડી હાલતમાં જોવા મળી હતી. છેલ્લા પંદર દિવસથી દરેક ગામોમાં રોજના પાંચ થી છ ટેન્કર પાણી લાવીને પૂરૂં પાડતું હોય છે. સંતરામપુર તાલુકાના ગોધર નાનીસરસણ મોટી સરસણ ધામોતના મોહિલા ચુથાના મુવાડા નસીકપુર બોડીયા બારેલા ખાંભા આ તમામ ગામોમાં કડાણા જૂથ પાણી યોજના હેઠળ પાણી ન મળવાના કારણે ગંભીર પરિસ્થિતિ ઉભી થઈ હતી. પીવાના પાણી માટે અને મુંગા પશુઓને પાણી પીવા માટે વલખાં મારવા પડતા હોય છે. સિંચાઇનું પાણી તો પહેલાથી મળતું નથી, પરંતુ જુથ પાણી પુરવઠા આ યોજનાનું પાણી આશરે પંદર દિવસથી બંધ થવાના કારણે પરિસ્થિતિ ગંભીર ઊભી થઈ હતી. ગોધર ગ્રામ પંચાયતના સરપંચે પોતાના બોરમાંથી રોજના પાંચથી છ ટેન્કર પાણી પૂરૂં પાડતા હોય છે. મૂંગા પશુઓ માટે અને ઘર વપરાશ માટે આ પાણીનો ઉપયોગ કરવામાં આવે છે. ઘણીવાર તો પાણી લેવા માટે એક કિલોમીટર ચાલીને બીજાના બોર અથવા કુવા પર લેવા જવું પડતું હોય છે. આ રીતે પાણીની ગંભીર પરિસ્થિતિ જોવાઈ રહેલી છે. વરૂ નાળામાં આવી કાળઝાળ ગરમીની અંદર પાણી માટે વલખાં મારવા પડતા હોય છે. પરિસ્થિતિ ગંભીર રીતે સર્જાયેલી જોડાયેલી છે. હજુ સુધી પાણી પુરવઠા દ્વારા યોજના હેઠળ પાણી મળતું નથી. સરપંચ સાથે વાત કરતાં જણાવ્યું કે, અમારે મોટર બગડી ગઈ છે. ત્યારે પાણી આવશે નહીં કડાણા જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા પાણી આપવામાં આવતું જ નથી. ભરઉનાળામાં પાણી માટે વલખાં મારવા આવેલો છે. દિવસે દિવસે ગરમીનો પર વધતો જાય ત્યારે ગામના લોકોને પાણી માટે વલખાં મારવા પડતા હોય છે. આખરે ટેન્કરનો દ્વારા પાણી ભરવાનો વારો આવ્યો.

# મહિસાગર BJP અનુસૂચિત જાતિ મોરચા દ્વારા ડૉ.બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિની ઉજવણી કરાઈ



સંતરાપુર, તા.૧૪/૪/૨૦૨૨ ના રોજ મહિસાગર જિલ્લા અનુસૂચિત જાતી મોરચા દ્વારા ડોક્ટર બાબા સાહેબ આંબેડકરની ૧૩૧મી જન્મ જયંતીની ઉજવણી કરાઈ. સંતરામપુર મુકામે બાબાસાહેબની પ્રતિમા પાસે કરવામાં આવી. આ પ્રસંગે રાજ્ય કક્ષાના મંત્રી કુબેરભાઈ ડીડોર તથા જિલ્લા ભાજપા પ્રમુખ દશરથ બારીયા, જિલ્લા અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ દીપકભાઈ ચાવડા તથા તાલુકા સંગઠન ભાજપ પ્રમુખ બળવંતભાઈ પટેલિયા, સંતરામપુર નગર સંગઠન ભાજપ પ્રમુખ સંદીપભાઈ, નગર મહામંત્રી મનોજભાઈ અને નિતીનભાઇ રાણા, નગર પાલિકા પ્રમુખના પ્રતિનિધિ પ્રિતેશભાઈ ખાટ, સચીન ભાઈ શાહ, દિલીપભાઈ પટેલિયા પૂર્વ નગરપાલિકા પ્રમુખ શીવાભાઈ વણકર, સંતરામપુર અને કડાણા તાલુકાના અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ અને મહામંત્રી તથા સામાજિક આગેવાનો, કાર્યકર્તાઓ, વાલ્મિકી સમાજના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રાસંગિક ઉદ્દબોધન દશરથસિંહ બારીયા અને કુબેરભાઈ ડીડોરે આપ્યું હતું. આમ સામાજિક ન્યાય પખવાડિયા અંતર્ગત ડોક્ટર બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતી ઉજવણી સફળતાપૂર્વક કરવામાં આવી હતી.

# સંતરામપુર ખાતે ડૉ. બાબા સાહેબ આંબેડકની જન્મ જયંતિની ઉજવણી કરાઈ



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર ઓપીએસ ટીમ અને કડાણા ટીમ દ્વારા આજે સંતરામપુર આંબેડકર સર્કલ ઉપર બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલ હાર કરી બાબા સાહેબને શ્રદ્ધાંજલિ આપવામાં આવી અને જૂની પેન્શન યોજના લાગુ કરવા માટેના બેનરો સાથે સૂત્રોચાર કરવામાં આવ્યા. ત્યારબાદ રાજ્ય ઉચ્ચ અને ટેકનીકલ મંત્રી કુબેરભાઈ ડીંડોરને આવેદનપત્ર આપવામાં આવ્યું અને મંત્રીની હાજરીમાં સંકલ્પ પત્ર વાંચવામાં આવ્યો. તેમજ મંત્રીને જૂની પેન્શન યોજના લાગુ કરવા માટે ખૂટતું કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી. સંતરામપુર શિક્ષક સંઘના પ્રમુખ, રાજ્ય સંઘના પ્રતિનિધિ હરીશ, કડાણા શિક્ષક સંઘના પ્રમુખ, સંતરામપુર ટીચર સોસાયટીના ચેરમેન, No proof મહીસાગર તેમજ no proof સંતરામપુર ટીમના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો.

# કડાણા જુથ પાણી પુરવઠા યોજનાએ એક મોટર રિપેર કરી દિવડા અને કડાણાને પાણી પુરૂ પાડ્યુ જયારે ૧૩૨ ગામોને પાણી માટે વલખા

દિવડાકોલોની, મહિસાગર પાણી પુરવઠા યાંત્રિક વિભાગ દ્વારા ૫ દિવસની જહેમત બાદ બંધ પડેલી ૩ મોટરમાં ૧ મોટરનુ રિપેરીંગ કામ પુર્ણ કરી માત્ર દિવડા અને કડાણા ગામને પાણી પહોંચાડી સંતોષ માની લેવામાં આવ્યો હોય તેમ જોવા મળ્યુ હતુ. સંતરામપુર અને કડાણા તાલુકાના ૧૩૪ ગામોને પાણી પુરૂ પાડવા માટે યાંત્રિક વિભાગ દ્વારા બે મોટર ૨૨ કલાક સતત કાર્યરત રાખે તો પણ ગામે ગામ પાણી પહોંચી શકે નહિ તે વાતથી પોતે અજાણ હોય તેમ માત્ર એક મોટર રિપેરીંગ કર્યા બાદ પાછલા ૭ દિવસમાં ૨ ગામોને પાણી પુરૂ પાડી અન્ય ૧૩૨ ગામોને પાણી માટે વલખા મારવા મજબુર કર્યા છે ત્યારે પાણી પુરવઠા યાંત્રિક વિભાગ દ્વારા ભર ઉનાળે જ્યાં લોકો પાછલા એક અઠવાડિયાથી પાણી માટે રઝળપાટ કરી રહ્યા છે ત્યાં માત્ર એક મોટરના સહારે બે તાલુકાના ૧૩૪ ગામને પાણીની સમસ્યા નહિ સર્જાય તેવી ભગીરથ કામગીરી કરી સંતોષ માની લેવાયુ હતુ. જયારે પાણી પુરવઠા સંતરામપુર(સિવિલ)વિભાગ જે આ ૧૩૪ ગામોને પીવાનુ પાણી વિતરણ કરે છે. તેમના જણાવ્યા મુજબ વર્તમાનમાં એક મોટર દ્વારા એક દિવસમાં ૧૩૪ ગામોને પાણી આપવુ અશક્ય છે. હાલ ચાલતી એક મોટર બે તાલુકામાંથી માત્ર ૧૫ જેટલા ગામની તરસ છીપાવી શકે છે. જો આ પ્રમાણે પાણી વિતરણ કરે તો બે તાલુકાના દરેક ગામને અઠવાડિયામાં એકવાર પાણી પુરૂ પાડી શકાશે. બેદરકારીથી બે તાલુકાની પ્રજા પીવાના પાણી માટે પોકાર પાડતી જોવા મળી રહી છે.



ગોધરા નગર ખાતે ડો બાબા સાહેબ આંબેડકર જીની જન્મ જયંતી નિમિતે પંચમહાલ જિલ્લા અનુસૂચિત જાતી મોરચા દ્વારા બાઈક રેલી યોજઇ હતી. ત્યારબાદ મહાનુભાવો દ્વારા ડો.બાબા સાહેબ આંબેડકરજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.


# મહીસાગર મહિલા સમાજનું ગૌરવ



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, કોકિલાબેન દીપાભાઈ ખાંટ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ માં ડો.એમ જી ગાંધી તેમજ ડો.બી.કે કલાસવા સાહેબના માર્ગદર્શન હેઠળ હિન્દી વિષયમાં '' હિન્દી કે આદિવાસી ઉપન્યાસ સાહિત્ય મે વ્યકત માનવીય સંવેદનાએ'' વિષયમાં Ph.D ની પદવી તાજેતરમાં પ્રાપ્ત કરેલ છે. તેઓ મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના અંતરિયાળ એવા ફળવા ગામના વતની છે. જ્યાં મહિલાઓ માટે શિક્ષણ અને સુવિધાઓ અલ્પપ્રમાણમાં ઉપલબ્ધ છે. ત્યારે તેઓએ Ph.Dની ઉચ્ચ ડીગ્રી પ્રાપ્ત કરીને સમગ્ર ખાંટ તેમજ ડામોર સમાજની સ્ત્રીઓની આન બાન અને શાનની કલગીને ગૌરવાન્વિત કરી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના હિન્દી ભવન ના વડા ડો. બી.કે કલાસવા એ તેમને શુભેચ્છા પાઠવી છે. ખાંટ કોકિલાબેન એ વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરીને સમાજને ગૌરવાન્વિત કર્યો છે. ખાંટ તેમજ ડામોર સમાજના વરિષ્ઠ નાગરિકોએ હાર્દિક શુભેચ્છાઓ પાઠવીને તેમને ઉજ્જ્વળ કારકિર્દી અને ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભકામનાઓ પાઠવી છે.

# ગરબાડામાં હનુમાનજીને ચાંદીનો નયનરમ્ય ચોળો ચડાવવામાં આવ્યો



ગરબાડા, હનુમાન જયંતી પર્વને લઇને એક ભક્ત દ્વારા હનુમાનજીને નયનરમ્ય ચોળો ચઢાવવામાં આવ્યો છે. જે ચોળો ચડાવવા માટે એમપી ના રાણાપૂર થી કારીગરને બોલાવવામાં આવ્યો હતો. જેમાં ભગવાનને ચાંદીની આંખો, નાક, કાન, હોટ લગાવવામાં આવ્યા હતા. પર્વને લઇને નગરના ભક્તો દ્વારા સમૂહમાં હનુમાન ચાલીસાના પાઠ અને જાહેર ભંડારાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રસ્તુત તસ્વીરમાં હનુમાનજીની પ્રતિમાને ચઢાવવામાં આવેલ નયનરમ્ય ચોળો દ્રશ્યમાન થાય છે.


# કડાણા તાલુકામાં ત્રણ ગ્રામ પંચાયતોની ૫૦ લાખની ગ્રાન્ટ ફાળવી અન્યાય કરાતા પંચાયતોમાં રોષ

દિવડાકોલોની, કડાણા તાલુકામાં રાજયકક્ષાની ૫૦ લાખની ગ્રાન્ટ માત્ર ત્રણ ગ્રામ પંચાયતોને ફાળવવામાં આવી હોવાની યાદી સોશિયલ મીડિયા પર ફરતી થઈ હતી.

કડાણા, સંતરામપુર ધારાસભ્ય અને રાજ્ય સરકારના મંત્રી કુબેરભાઈ ડિંડોર દ્વારા કડાણા તાલુકાની ત્રણ પંચાયતોને ફાળવવામાં આવેલ ૫૦ લાખની ગ્રાન્ટની ફાળવણીની યાદી સોશિયલ મીડિયામાં ફરતી થયા બાદ તાલુકા ભાજપ પ્રમુખ અંબાલાલ પટેલ અને તાલુકા પંચાયત પ્રમુખ કમલેશભાઈ તેમજ તાલુકાના સરપંચો વચ્ચે ૫૦ લાખની ગ્રાન્ટને લઈ અનેક અટકળો ચાલી હતી. જેમાં સરપંચો દ્વારા જણાવ્યુ હતુ કે, ત્રણ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવી તો અન્ય પંચાયતો સાથે કેમ અન્યાય કરવામાં આવ્યો જયારે આ બાબતે બંને પ્રમુખ દ્વારા સત્ય હકીકત જાણ્યા બાદ સરપંચ સંઘ ટી.ડી.ઓ.ને રજુઆત કરવા પહોંચ્યો હતો.માત્ર ૩ પંચાયતોમાં બચકરીયામાં રૂ.૨૦ લાખ, ભુલ પંચાયતને રૂ.૨૦ લાખ, અને મહાપુરને રૂ.૧૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી હોવાનુ સોશિયલ મીડિયામાં વાયરલ થયુ હતુ.

## હનુમાન જયંતી ૧૬ એપ્રિલના રોજ છે

# હનુમાન જયંતી પર અચૂક ઉપાયો કરો, શનિ, રાહુ-કેતુ દ્વારા મળતી તકલીફોથી મુક્તિ મળશે



હિંદુ પંચાંગનો પહેલો મહિનો એટલે કે ચૈત્ર મહિનો અત્યંત ખાસ છે. આ જ મહિનાથી હિંદુ નવવર્ષની શરૂઆત થાય છે. આ મહિનામાં ચૈત્ર નવરાત્રી આવે છે, ભગવાન શ્રી રામની જન્મદિવસ પણ આ જ મહિનામાં આવે છે અને શ્રી રામના પરમભક્ત હનુમાનનો જન્મદિવસ પણ આ મહિનામાં મનાવવામાં આવે છે. ચૈત્ર મહિનાના શુક્લ પક્ષની પૂર્ણિમાનાં દિવસે સંકટમોચન હનુમાનનો જન્મ થયો હતો. આ વર્ષે ૧૬ એપ્રિલ ૨૦૨૨નાં રોજ શનિવારે હનુમાન જયંતી છે.

એઆરએલના જ્યોતિષની નજરોથી જોવા જઈએ, તો એપ્રિલ મહિનો ઘણા બદલાવો લઈને આવ્યો છે. આ મહિનામાં શનિ, રાહુ-કેતુ જેવા ગ્રહો રાશિ પરિવર્તન કરી રહ્યા છે, જેમની ખરાબ દ્રષ્ટિ પણ જીવન નષ્ટ કરવા માટે પૂરતી છે. છાયા ગ્રહ રાહુ-કેતુ ૧૨ એપ્રિલ ૨૦૨૨નાં રોજ રાશિ પરિવર્તન કરી રહ્યા છે, જ્યારે શનિ ૨૯ એપ્રિલ ૨૦૨૨નાં રોજ રાશિ બદલવા જઈ રહ્યા છે. જ્યોતિષ અનુસાર, આ ક્રૂર ગ્રહોની સ્થિતિમાં બદલાવ ઘણી રાશિનાં જાતકો પર ભારે સાબિત થશે. આવામાં આ ગ્રહોથી મળતા અશુભ ફળોનાં ઉપાયો કરી લેવામાં જ સમજદારી છે.

પવનપુત્ર હનુમાન દરેક સંકટ દૂર કરે છે અને એટલા માટે જ તેમણે સંકટમોચન કહેવામાં આવે છે. જો ૧૬ એપ્રિલનાં રોજ હનુમાન જયંતીનાં દિવસે અમુક ઉપાયો કરવામાં આવે, તો શનિ, રાહુ-કેતુથી મળતા ખરાબ પરિણામોથી ઘણી હદ સુધી રાહત મળે છે.

હનુમાન જયંતીનાં દિવસે ૧૧ વાર હનુમાન ચાલીસાનો પાઠ કરવો જોઈએ. હનુમાન મંદિરમાં જઈને સંકટમોચનની મૂર્તિ સામે બેસીને પાઠ કરો. આમ કરવાથી શનિની ઢેય્યા કે સાડા સાતીથી પીડિત જાતકોને પણ ઘણી રાહત મળે છે.

હનુમાનજીને ચણાનાં લોટનાં લાડુ ખૂબ જ ભાવે છે. હનુમાન જયંતીનાં દિવસે તેમને ચણાનાં લોટના લાડુનો ભોગ લગાવવો જોઈએ. આમ કરવાથી તમારા જીવનમાં સુખ-સમૃદ્ધિનું આગમન થાય છે. સંકટમોચનને મીઠું પાન પણ અર્પિત કરવું જોઈએ. તેમાં ગુલકંદ, ખોપરા, સોફ અને ગુલાબકતરીનો ઉપયોગ કરો પરંતુ ચૂનો, સોપારી, આર્ટીફીશીયલ સુગંધિત વસ્તુઓ ભૂલથી પણ ન મેળવો.

હનુમાનજીને સિંદૂર ચઢાવવાથી અનેક સમસ્યાઓનો ઉકેલ મળે છે. હનુમાન જયંતીનાં દિવસે બજરંગબલીને સિંદૂર જરૂર ચઢાવવું જોઈએ. સાથે જ ચમેલીનાં ફૂલોની માળા અને લાલ લંગોટ પણ અર્પિત કરો. જો આ ઉપાય હનુમાન જયંતીથી શરુ કરીને આવતી ૧૧ પૂર્ણિમા સુધી કરશો, તો મોટા મોટા સંકટોથી રાહત મળી શકે છે.

હનુમાન મંદિરમાં ત્રિકોણ લાલ ઝંડો લહેરાવવો જોઈએ. આમ કરવાથી દરેક કામમાં સફળતા મળશે.

# સંતોના આશીર્વાદથી ભારત ટૂંક સમયમાં ફરીથી અખંડ ભારત બનશે : મોહન ભાગવત



હરિદ્વાર, આરએસએસના વડાએ કહ્યું કે, જે રીતે ભગવાન કૃષ્ણની આંગળીએ ગોવર્ધન પર્વત ઊભો થયો હતો, તેવી જ રીતે સંતોના આશીર્વાદથી ભારત ટૂંક સમયમાં ફરીથી અખંડ ભારત બનશે. તેને રોકવા માટે કોઈ નથી, પરંતુ જો સામાન્ય લોકો થોડો પ્રયત્ન કરે તો ૧૦થી ૧૫ વર્ષમાં સ્વામી વિવેકાનંદ મહર્ષિ અરવિંદના સપનાનું અખંડ ભારત બની જશે.

અખંડ ભારતનો એજન્ડા હંમેશા આરએસએસ માટે સર્વોપરી રહ્યો છે. આ વખતે સંઘના સરસંઘચાલક મોહન ભાગવતે આ અંગે મોટું નિવેદન આપ્યું છે. આરએસએસના વડા મોહન ભાગવતે હરિદ્વારમાં કહ્યું કે સનાતન ધર્મ એ હિન્દુ રાષ્ટ્ર છે. એટલું જ નહીં, તેમણે કહ્યું કે, ૨૦-૨૫ વર્ષમાં ભારત અખંડ ભારત બનશે. પરંતુ જો આપણે થોડો પ્રયત્ન કરીએ તો ૧૦-૧૫ વર્ષમાં સ્વામી વિવેકાનંદ અને મહર્ષિ અરવિંદના સપનાનું અખંડ ભારત બની જશે. તેને રોકવાવાળું કોઈ નથી, જે તેના માર્ગમાં આવશે તેનો નાશ થશે.

આરએસએસના વડાએ કહ્યું કે, જે રીતે ભગવાન કૃષ્ણની આંગળીએ ગોવર્ધન પર્વત ઊભો થયો હતો, તેવી જ રીતે સંતોના આશીર્વાદથી ભારત ટૂંક સમયમાં ફરીથી અખંડ ભારત બનશે. કોઈ તેને રોકવાનું નથી, પરંતુ સામાન્ય માણસ થોડો પ્રયાસ કરશે. તેથી સ્વામી વિવેકાનંદ મહર્ષિ અરવિંદના સપનાનું અખંડ ભારત ૧૦ થી ૧૫ વર્ષમાં જ બનશે.

મોહન ભાગવતે જણાવ્યું હતું. ભારત ઉત્કર્ષના માર્ગે આગળ વધી રહ્યું છે. જે તેના માર્ગમાં આવશે તે ભૂંસાઈ જશે, ભારત હવે ઉત્થાન વિના અટકવાનું નથી. ભારત ઉત્કર્ષના માર્ગે દોડી રહ્યું છે, સીટી વગાડીને કહે છે કે ઉત્કર્ષની આ યાત્રામાં દરેક તેની સાથે આવે અને તેને કોઈએ રોકવાનો પ્રયાસ ન કરવો, જે કોઈ તેને રોકવા જઈ રહ્યો હોય તેણે સાથે આવવું જોઈએ અને જો નહીં તો તેની સાથે આવવું જોઈએ. , રસ્તામાં ન આવો, માર્ગમાંથી નીકળી જાઓ.

તેમણે કહ્યું કે અમે અલગ છીએ, અમે અલગ છીએ. પરંતુ આપણે અલગ નથી, જો આપણે સાથે મળીને દેશ માટે જીવવાનું અને મરવાનું શરૂ કરીએ અને જે ઝડપે ભારત ઉત્કર્ષના માર્ગે ચાલી રહ્યું છે, તો હું વિશ્વાસ સાથે કહી શકું છું કે ભારતને દેશ બનવામાં ૨૦ થી ૨૫ વર્ષ લાગશે. અખંડ ભારત.એમાં સમય લાગશે અને જો આપણે આપણી ગતિ ઝડપી કરીએ તો આ સમય અડધો થઈ જશે અને તે થવું પણ જોઈએ, તેમણે કહ્યું કે આપણે અહિંસાની વાત કરીશું પણ હાથમાં લાકડી પણ રાખીશું, કારણ કે આ વિશ્વ માત્ર શક્તિમાં વિશ્વાસ રાખે છે.

સંઘના વડાએ કહ્યું કે હજાર વર્ષથી ભારતના સનાતન ધર્મને ખતમ કરવાના સતત પ્રયાસો કરવામાં આવ્યા હતા. પરંતુ તેઓ અદૃશ્ય થઈ ગયા, પરંતુ આપણે અને સનાતન ધર્મ આજે પણ અસ્તિત્વમાં છે. તેમણે કહ્યું કે ભારત એક એવો દેશ છે જ્યાં દુનિયામાં દરેક પ્રકારની વ્યક્તિની દુષ્ટ વૃત્તિઓનો અંત આવે છે. જ્યારે તે ભારત આવે છે, ત્યારે તે કાં તો સાજો થઈ જાય છે અથવા ખોવાઈ જાય છે.આરએસએસ વડા મોહન ભાગવત કંખલના સન્યાસ રોડ પર આવેલા શ્રી કૃષ્ણ નિવાસ આશ્રમ અને પૂર્ણાદ આશ્રમમાં બ્રહ્મલિન મહામંડલેશ્વર સ્વામી દિવ્યાનંદ ગિરી મહારાજની મૂર્તિ અને ગુરુત્રય મંદિરના ઉદ્ઘાટન કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે હરિદ્વાર પહોંચ્યા હતા.

સંઘ પ્રમુખે કાર્યક્રમમાં ઉપસ્થિત સંતોને કહ્યું, તમે બધા સંતો છો. તમે બધા પ્રેક્ટિસ કરતા રહો. તમે બધા જાણો છો કે રાષ્ટ્રના વ્યવહારમાં અવરોધો આવે છે, આપણે તેને હરાવીને સતત આગળ વધવાનું છે. તેમણે કહ્યું કે જેમ અમૃત મંથન વખતે પહેલું હલાહલ વિષ નીકળ્યું હતું, પરંતુ અમૃત પ્રાપ્ત થયું ત્યાં સુધી ભગવાને પોતાના કર્તવ્યમાંથી વિચલિત ન કર્યું અને વિશ્વના કલ્યાણ માટે સૌથી પહેલા શિવે તે ઝેર પોતાના ગળામાં રાખવું પડ્યું. આપણે પણ આ રીતે આગળ વધવાનું છે. રામાયણનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે, હનુમાનજીને લંકા જતી વખતે પણ અવરોધોનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ તે અવરોધોને દૂર કરીને આગળ વધ્યા હતા

દરમિયાન મોહન ભાગવતના નિવેદન પર શિવસેનાના સંજય રાઉતે પલટવાર કર્યો છે. સંજય રાઉતે કહ્યુ, 'આરએસએસ ચીફ મોહન ભાગવતે કહ્યુ કે ૧૫ વર્ષમાં ભારત ફરીથી અખંડ રાષ્ટ્ર બનશે, હું કહુ છુ કે સૌથી પહેલા પીઓકેને જોડવુ પડશે, સૌથી પહેલા પીઓકને ભારતમાં શામેલ કરવાનુ છે અને પછી પાકિસ્તાન, શ્રીલંકા અને અન્યને પણ અખંડ ભારત બનાવવાના છે પરંતુ આને ૧૫ દિવસમાં કરવાનુ વચન આપો, ૧૫ વર્ષમાં નહિ.'

મોહન ભાગવતે કહ્યુ, 'અમે અહિંસાની જ વાત કહીશુ પરંતુ આ વાત હાથમાં દંડા લઈને નહિ કહીએ. અમારા મનમાં કોઈ દ્વેષ, શત્રુતા ભાવ નથી પરંતુ દુનિયા શક્તિને જ માને છે તો અમે શું કરીએ. જે પણ તથાકથિત લોકો સનાતમ ધર્મનો વિરોધ કરે છે, તેમનો પણ એમાં સહયોગ છે, જો તે વિરોધ ના કરતા તો હિંદુ જાગતા નહિ કારણકે એ તો સૂતા રહે છે.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિર મુલાકાત લેવાનું વિચારી શકો છો, કાયદાકીય વિવાદમાં સફળતાની સંભાવના છે અને સ્થાળાંતરણની યોજના સફળ થઈ શકે છે.

વૃષભ : આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઈનલ થઈ શકે છે. સરકાર તરફથી વિશેષ સન્માન મળી શકે છે.

મિથુન : આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે. ક્ષેત્રના વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરશે. શુભ કાર્યોમાં રાત્રિનો સમય વિતાવશો.

કર્ક : આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણુ વિકાર ઊભા થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી. બહાર જતા પહેલાં બધી મહત્વપૂર્ણ બાબતોનું ધ્યાન રાખો અને નિયમોનું પાલન કરો.

સિંહ : આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે. મુશ્કેલીઓ ધીરજ અને હળવા વર્તનથી સુધારી શકાય છે.

કન્યા : આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. આજુબાજુના લોકો સાથે કોઈ મુકાબલો ના થાય તો સારું. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે. ભાગ્યમાં વિશ્વાસ રાખો અને આત્મવિશ્વાસથી કાર્ય કરો.

તુલા : આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો. તમને આજે સૌથી વધુ ગમતું કામ કરવા મળશે અને તમે તેમાં સારું પ્રદર્શન કરી શકશો. આજે તમે થોડો સમય આરામ કરવા માટે સક્ષમ હશો.

વૃશ્ચિક : આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે. કાયમી મિલકતની બાબતમાં, પરિવાર અને આસપાસના લોકો થોડી મુશ્કેલી ઊભી કરવાનો પ્રયાસ કરશે.

ધન : આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. જો તમે રોજિંદા કાર્યો ઉપરાંત કેટલાક નવા કાર્યનો પ્રયાસ કરશો તો તમને ફાયદો થશે.

મકર : આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ. ભાગીદારીમાં વેપાર કરવાથી ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજને સંભાળવાની આજની સુવર્ણ તક છે.

કુંભ : આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે, તેથી સાવચેત રહો. પરિવારમાં સુખ, શાંતિ અને સ્થિરતાનો આનંદ માણો.

મીન : આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે. તમને નજીકના ભવિષ્યમાં પરિણામ પણ મળશે. આજે તમારા ઘણાં અધૂરા કામો કરવામાં આવશે અને મહત્વની ચર્ચાઓ પણ થશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ ખાતે મહેસૂલ મંત્રીની અધ્યક્ષતામાં મહેસૂલ મેળો યોજાયો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
ગુજરાત રાજયમાં મહેસૂલ વિભાગ દ્વારા કરવામાં આવેલી મહેસૂલી મેળાની નવતર પહેલને કારણે રાજયમાં મહેસૂલ વિભાગને લગતી કોઇ પણ બાબત પડતર રહેશે નહીં એમ રાજયના મહેસૂલ અને કાયદા મંત્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદીએ જણાવ્યું હતું.

દાહોદ જિલ્લાના વડામથક દાહોદ ખાતે આવેલા પંડિત દિનદયાળ સભાગૃહમાં આયોજીત મહેસૂલ મેળામાં ઉપસ્થિત જનમેદનીને સંબોધતા મંત્રી ત્રિવેદીએ કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા અમલી અનેકવિધ કલ્યાણલક્ષી યોજનાઓ અંગે વિગતે જાણકારી આપી દાહોદમાં જિલ્લામાં વિવિધ કલ્યાણલક્ષીઓ યોજનાઓ અંતર્ગત કરવામાં આવેલી કામગીરી વિગતે છણાવટ કરી હતી. મંત્રીએ જણાવ્યું હતું કે, મહેસુલ વિભાગ રાજયની પ્રજાને પોતીકી માની પ્રજાકલ્યાણના કામોને અગ્રતા આપીને કામગીરી કરે છે.

૧૪મી, એપ્રિલે ડો. બાબાસાહેબ આંબેડકરની જયંતિ નિમિત્તે મંત્રીએ બાબસાહેબની તસ્વીર સમક્ષ પુષ્પાંજલી અર્પણ કરી તેમને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી આપી જણાવ્યું હતું કે, ડો.બાબાસાહેબ આંબેડકર જીવનભર સામાજીક ન્યાય માટે ઝઝૂમતા રહ્યા હતા એમ વધુમાં કહ્યું હતું.

તેમણે આગામી તા. ૨૦મી, રોજ દાહોદ ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીની ઉપસ્થિતિમાં યોજાનારા કાર્યક્રમ અંગે જાણકારી આપી દાહોદ જિલ્લાના તમામ નાગરિકો આ વિકાસોત્સવમાં સહભાગી બને એવી અપેક્ષા વ્યક્ત કરી હતી. વધુમાં તેમણે મહેસૂલ વિભાગ દ્વારા રાજયમાં કરવામાં આવી રહેલી કામગીરી અંગે વિગતવાર જાણકારી આપી મહેસૂલ વિભાગના અધિકારીઓ વિરૂદ્ધ આમજનતા ફરિયાદ કરી શકે એ માટે ત્રણ વ્યક્તિની સમિતિવાળી શીટ– એમની રચના કરવામાં આવી છે એમ જણાવી આ સમિતિ તપાસની કામગીરી કરશે એમ જણાવ્યું હતું. ઉપરાંત તેમણે ૭/૧૨, ૮–અ સહિતની જમીનને લગતા મહત્વના દસ્તાવેજો હવે ઓનલાઇન ઉપલબ્ધ હોવાથી આ દસ્તાવેજો સરળતાથી ઉપલબ્ધ બનતા રાજયના ૧૨.૭૭ લાખ લાભાર્થીઓએ આ દસ્તાવેજો ઓનલાઇન મેળવ્યા હોવાનું જણાવ્યું હતું.

વધુમાં મંત્રીએ રેડક્રોસ સોસાયટી દ્વારા દાહોદના છ તાલુકાઓમાં છ બ્લડ બેંકો શરૂ કરવામાં આવી હોવાનું જણાવી વડોદરા ખાતે પ્રાદેશિક સાયન્સ સેન્ટર શરૂ કરવા માટે જમીનની ફાળવણી કરી દેવામાં આવી છે એમ ઉમેરી તેમણે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના અંતર્ગત દાહોદ જિલ્લામાં ૧,૮૩,૩૦૧ વિનામૂલ્યે ગેસ કનેકશન આપવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું. મંત્રી ત્રિવેદીએ રાજય સરકાર દ્વારા પ્રાકૃતિક ખેતીને આવામાં આવી રહેલા ઉત્તેજન અંગે વિગતે છણાવટ કરી પ્રાકૃતિક ખેતી તરફ વળવું સમયની માંગ છે એમ ઉમેર્યું હતું.

ગુજરાત વિધાનસભાના દંડક અને ધારાસભ્ય રમેશભાઇ કટારાએ પણ મહેસૂલી મેળાના આયોજનનો આશય સ્પષ્ટ કરી વધુમાં વધુ લોકો મહેસૂલી મેળાનો લાભ લે એવી અપેક્ષા તેમણે વ્યકત કરી હતી.

જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલાએ પણ પ્રાસંગિક ઉદ્દબોધન કરતા રાજય સરકાર દ્વારા ખેડૂતોના પ્રશ્નોનો સ્થળ પર નિકાલ માટે યોજવામાં આવતા મહેસૂલી મેળાઓની સરાહના કરી હતી.

સેટલમેન્ટ કમિશ્નર કે.એમ.ભિમજીયાણીએ જણાવ્યું હતું કે, ડો. બાબાસાહેબ આંબેડકરનું જીવન સામાજીક ન્યાય માટે સમર્પિત રહ્યું એજ રીતે રાજયના મહેસૂલ મંત્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી પણ મહેસૂલ મેળા જેવા નવતર અભિગમ થકી સામાજીક ન્યાયની કામગીરી કરી રહ્યા હોવાનું જણાવી તેમણે મહેસૂલ વિભાગ દ્વારા યોજવામાં આવતા મહેસૂલ મેળાઓ થકી પ્રજાના પ્રશ્નોનું સ્થળ પર જ સરળ સમાધાન થાય છે એમ જણાવ્યું હતું. અગ્રણી કનૈયાલાલ કિશોરીએ પણ પ્રસંગોચિત ઉદ્દબોધન કર્યું હતું.

મેળા દરમિયાન મહેસૂલ વિભાગ દ્વારા જમીનને લગતા ઉતારાઓ, જાતિના દાખલાઓ, અધિવાસ સર્ટિફિકેટ, સંકટમોચન યોજના, ગંગાસ્વરૂપ આર્થિક સહાય યોજના, નિરાધાર વૃદ્ધ સહાય યોજના સહિતની યોજના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. મંત્રીએ સ્થળ પર જ ખેડૂતો તરફથી રજૂ કરવામાં આવેલા પ્રશ્નો સાંભળી તેમના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવશે એમ જણાવ્યું હતું.

સ્વાગત પ્રવચન કરતા જીલ્લા કલેકટર ડો. હર્ષિત ગોસાવીએ મહેસૂલ મેળાના આયોજનનો આશય સ્પષ્ટ કરી કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

# પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પંચાયત મહાસંમેલનમાં રજુ કરવામાં આવેલ વિચારને અમલીકૃત કરતી દાહોદ જીલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓ



દાહોદ,
પ્રધાનમંત્રી દ્વારા અમદાવાદ ખાતે યોજાયેલ ગુજરાત પંચાયત મહાસંમેલનમાં ગુજરાતની શાળાઓના સ્થાપના દિવસને જન્મ દિવસ તરીકે ઉજવણી કરવાનો વિચાર વ્યક્ત કરેલ હતો. જેને ધ્યાને લઈ દાહોદ જીલ્લામાં ૧૬૪૭ પ્રાથમિક શાળાઓ પૈકી હાલ સુધી કુલ ૧૭ સરકારી પ્રાથિમક શાળાઓ દ્વારા શાળા જન્મદિવસની ઉજવણી ધામધુમથી કરવામાં આવી. દાહોદ જીલ્લાની ૧૭ શાળાઓ પૈકી દાહોદ તાલુકાની–૦૧, દે.બારિયા–૦૫, ધાનપુર–૦૩, ગરબાડા–૦૨ લીમખેડા–૦૫ અને ઝાલોદ–૦૧ જેટલી સરકારી પ્રાથમિક શાળાઓ દ્વારા ભવ્ય શાળા જન્મ દિવસની ઉજવણી કરવામાં આવેલ છે. જેમાં શાળા કક્ષાએ બાળકો દ્વારા વિવિધ કાર્યક્રમ જેવા કે પ્રભાત ફેરી, સાંસ્કૃતિક કાર્યક્રમ, ગ્રામ જાગૃતિ, સફાઈ અભિયાન થકી દિન વિશેષની ઉજવણી કરવામાં આવી. શાળા કક્ષાએ યોજાયેલ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં તમામ બાળકોએ અભૂતપૂર્વ ઉત્સાહથી ભાગ લીધેલ. સાંસ્કૃતિક કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સભ્ય/ તાલુકા પંચાયત સભ્ય, ગામના સરપંચ, ગ્રામ પંચાયતના સદસ્ય તેમજ સ્થાનિક અગ્રણીઓ, એસ.એમ.સી. અધ્યક્ષ તથા સદસ્યો, શાળાના ભૂતપૂર્વ વિદ્યાથીઓ તથા ભૂતપૂર્વ કર્મચારીઓ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમમાં પ્રોત્સાહન પૂરૂં પાડેલ હતું. શાળાના ભૂતપૂર્વ વિદ્યાથીઓ દ્વારા પોતાના શાળા સમયના સંસ્મરણો વિદ્યાથીઓ સમક્ષ રજુ કરી જીવનમાં ભણતરનું શું મહત્વ છે તે પરત્વે વિદ્યાથીઓને માર્ગદર્શન પૂરૂં પાડેલ હતું. તથા વર્ષો અગાઉ આ વિસ્તારના શિક્ષણ અર્થે ચિંતા કરી શાળાની સ્થાપના કરનાર વડીલોનો પણ આ તબક્કે ઋણ સ્વીકાર કરવામાં આવેલ હતો.

વધુમાં ‘‘આઝાદી કા અમૃત મહોત્સવ’’ની ઉજવણીના ભાગરૂપે પણ શાળા કક્ષાએ ૭૫ જેટલા વૃક્ષ વાવવા, ૭૫ જેટલા વ્યકિતઓને વ્યસનમુક્ત કરવા, પ્લાસ્ટિક મુક્ત ગામ, સ્વચ્છ ગામ કરવા માટે ગામ સાફ સફાઈનું આયોજન વગેરે પરત્વે ભવિષ્યમાં અસરકારક રીતે કાર્યક્રમો કરવા તે પણ નક્કી કરવામાં આવ્યું.આ પરત્વે તમામ શાળાઓ દ્વારા સંકલ્પ કરવામાં આવ્યો. શાળાના જન્મ દિવસના પ્રસંગે ગામના સરપંચ, ભૂતપૂર્વ વિદ્યાથીઓ, એસ.એમ.સી. અધ્યક્ષ તથા સભ્ય તથા ગ્રામજનો દ્વારા શાળાઓમાં અંદાજે ૫ લાખ રૂપિયા દાન સ્વરૂપે આપી શાળાઓને પ્રોત્સાહન પણ પૂરૂં પાડેલ હતું. અને હવે જયારે લોકલાડીલા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી તા.૨૦.૦૪.૨૦૨૨ ના રોજ દાહોદની ધરા પર પધારી રહ્યા છે ત્યારે જીલ્લાની પ્રાથમિક શાળાઓના તમામ એસ.એમ.સી. સભ્યો ખુબ મોટી સંખ્યામાં કાર્યક્રમના સ્થળે ઉપસ્થિત રહી માન.પ્રધાનમંત્રીનું ઉમળકાભેર સ્વાગત અને અભિવાદન કરવા અનેરો થનગનાટ અનુભવી રહ્યા છે.

# દાહોદ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા પોકશોના કાયદા અંગે જાગૃકતા કાર્યક્રમ યોજાયો




દાહોદ,
દાહોદની ભગિની સમાજ ખાતે ભગિની સમાજ સાથે સંકળાયેલ બહેનોને પોકશોનાં કાયદા અંગે જાગૃકતા કાર્યક્રમ એડી. વધારાના જિલ્લા ન્યાયાધીશ બી.એચ.સોમાણીની અધ્યક્ષતામાં યોજાયો હતો. ડો.બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિ હોવાને કારણે ડો.બાબા સાહેબ આંબેડકર નાં જીવન વૃતાંત ની વિસ્તૃત જાણકારી પેરા લીગલ વોલિયન્ટર હીરાલાલ સોલંકી એ આપી હતી.

કમલ એચ. સોજીત્રા ચેરમેન, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, દાહોદનાં માર્ગદર્શન મુજબ બાળકો પર થતા જાતિય અત્યાચારો, મહિલાઓના કાયદાઓ અંગે, મફત કાનૂની સલાહ અને સહાય અંગે સમજ ફૂલ ટાઇમ સેક્રેટરી ડી.એ. પટેલ દ્વારા આપવામાં આવી હતી.

કાર્યક્રમનાં અધ્યક્ષ એડી. વધારાના જિલ્લા ન્યાયાધીશ બી.એચ. સોમાણી એ વિસ્તારથી પોકશો એકટની જાણકારી આપી અને એમાં પીડિત બાળકી કે મહિલાઓને પૂર્ણ સહયોગની પણ ખાત્રી આપી હતી. ઉપસ્થિત બહેનો દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સચોટ જવાબ આપ્યા હતા.

ભગિની સમાજ, દાહોદનાં મુખ્ય સંચાલક હેમાબેન શેઠે મહેમાનોને આવકારી ભગિની સમાજ દ્વારા મહિલા ઉત્કર્ષ માટે કરતા કર્યોની માહિતી આપી હતી અને ઉપયોગી કાર્યક્રમ કરવા અંગે આભાર માન્યો હતો.

પોક્શોનાં કાયદા અંગે જાગૃકતા કાર્યક્રમમાં ૧૦૦ જેટલી બહેનોએ લાભ લીધો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન હરીશભાઈ પરમારે કર્યું હતું.

# દે.બારીયા પાલિકાના દ્વારા દૈનિક પાણી પુરવઠો અપાતા શહેરની આમ જનતામાં ખુશીની લહેર

દે.બારીયા,
દે.બારીયા શહેરમાં છેલ્લા પંદર દિવસ થી અને ખાસ મહત્વનું છે કે, તા.૩/૪/૨૨ થી પવિત્ર રમઝાન માસમાં પીવાના પાણીનો પુરવઠો દૈનિક આપવામાં આવતાં આખા શહેરમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા નગર પાલિકાના વિસ્તારોમાં તમામ ફળીયે અને એરીયા મુજબ પીવાના પાણીનો પુરવઠો આપવામાં હાલના નિર્ણયને શહેરની આમ જનતા આવકારે છે. કારણ ૪૦ થી વધુ ડીગ્રી કે કાળજું કંપાવે તેવી ગરમીમાં નળમાં પાણી મળે તે કોને ના ગમે ઘર ઘર નલ સે જલની યોજના હાલમાં બહાર પાડી છે. તે યોજનાનો લાભ સ્થળ ઉપર દેખવા મળે છે. જ્યારે અમુક શહેરના વિસ્તારોમાં હાલમાં પણ નળમાં પીવાનું પાણી દુષિત અને ડોળું આવે છે તેના માટે દે.બારીયા નગર પાલિકાના વહિવટી કર્મીઓમાં સમસ્યાને હલ કરે તેવી શહેરની આમ જનતાની માંગ છે. આજ પ્રમાણે રાબેતા મુજબ દૈનિક પાણી મળતું રહે તે શહેરની આમ જનતાની અપેક્ષા છે.

# આહારની કલગીમાં વધુ એક પીછું ઉમેરાયું


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ


દે.બારીયા,
તારીખ–૧૪ એપ્રિલના રોજ –દેવગઢ બારીયાના નાયકવાડામાં ઝૂંપડપટ્ટીમાં રહેતી આહારની લાભાર્થી કુમારી વસંતાબેન નાયકને તેણીના લગ્ન પ્રસંગ નિમિત્તે આહાર તરફથી –પેટી પલંગ–તિજોરી–દીવાલ ઘડીયાળ–ખુરશી નંગ–૨–ટીપોઈ –૧–કપડાં ભરવાની પેટી ૧– નવા પાંચ જોડી કપડાં –નવા ચંપલ તથા શૃંગારના તમામ સાધનો જેવા કે બંગડી–પાટલા–સેટ–ચાંદલા–અત્તર–સ્પ્રે–મેકઅપ કીટ –રૂમાલ–આંકડા–નેઈલ પોલીસ–ચુની–ક્રીમ–બકકલ–લિપસ્ટિક–મહેદી–બુટ્ટી કાંસકો તથા ચાંદીની લક્કી વગેરે દેવગઢ બારીયા નગરપાલિકાના પ્રમુખ ડો, ચારમીબેન સોની,–તથા ટ્રસ્ટી મેઘાબેન સોની, સજનબા અને આહાર પ્રાથમિક સારવાર કેન્દ્ર સંભાળતા યશોદાબેન પટેલના વરદ હસ્તે આપવામાં આવ્યું.આ લગ્ન પ્રસંગે આહારના તમામ લાભાર્થીઓ હાજર રહ્યા અને ડો.ચારમીબેને તથા આહારના લાભાર્થીઓએ પણ વસંતા ને લગ્નની ભેટ આપી અને સૌ સગાંવહાલાં તથા જાનૈઆ વાળા અને આહારના લાભાર્થીઓએ ત્યાં પુરી– દાળ–ભાત–શાક –રમકડાં અને બુંદીનું ભોજન લઈને નવયુગલ વસંતાબેન અને રાજુભાઈની સહજીવન યાત્રા ખુબજ સુખમય તથા આનંદમય બને તેવી શુભેચ્છા સાથે હૃદય પૂર્વક આશીર્વાદ આપ્યા હતા. સૌને હસ્તી હસાવતી–માણેક કરતા મોંઘી–સોના કરતા સવાઈ–રૂપા કરતા રૂડી એવી વસંતાને ભારે હૈયે સૌએ વિદાય આપી હતી. છેલ્લા દશ વર્ષ થી બારીયાના છેવાડાના વિસ્તારોમાં રહેતા ગરીબોને આહાર સંસ્થા તરફથી મફત ભોજન–મફત પ્રાથમિક સારવાર–શિક્ષણ સહાય–જરૂરીયાત વાળાને મફત મકાન–લગ્ન સહાય–રોજગારીના સાધનો તથા અન્ય જરૂરી તમામ સહાય મળતા તેઓનું જીવન ધોરણ ઊંચું લાવવામાં અને તેઓને ગરીબાઈમાંથી બહાર કાઢવાના સંસ્થાના પ્રયત્નો સફળ થઈ રહ્યા છે અને તેના કારણે ગામના ગરીબો ખુશહાલ દેખાઈ રહ્યા છે.

# ગુજરાત રાજય યોગ બોર્ડના ચેરમેન શીશપાલજીની અધ્યક્ષતામાં દાહોદ નગરમાં યોગ શિબિર યોજાઇ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ નગરમાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ શિબિરનું આયોજન કરાયું હતું. નગરના યોગ શીખવા ઇચ્છુક નાગરિકોએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર આ શિબિરમાં ભાગ લીધો હતો. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શીશપાલજીની અદયક્ષતામાં આ યોગ શિબિર યોજાઇ હતી. યોગ શિબરમાં જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, નગરપાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ સહિતના મહાનુભાવો સહભાગી થયા હતા. નગરની વિવિધ સંસ્થાઓ બ્રહ્માકુમારી, પંતજલી યોગ સંસ્થા, આર્ટ ઓફ લીવીંગ વગેરે સંસ્થાના પ્રતિનિધિઓ, સ્વામી મહેશયોગીજી, ડીવાયએસપી, એસઆરપી ગ્રુપ પાવડી તેમજ પોલીસકર્મીઓ આ શિબિરમાં જોડાયા હતા. રમતગમત અધિકારી વીરલ ચૌધરીએ પણ શિબિરમાં ભાગ લીધો હતો. ગુજરાત સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ, ગાંધીનગર દ્વારા પ્રેરિત આ યોગ શિબિરનું દાહોદ નગરમાં આયોજન કરાયું હતું.




તા.૧૪/૦૪/૨૨ ડો બાબાસાહેબ આંબેડકર નિમિત્તે દાહોદ જિલ્લામાં ‘‘સંયુક્ત કર્મચારી મોરચા’’ દ્વારા આજના દિવસને ‘‘પેન્શન બંધારણીય દિવસ’’ તરીકે ઉજવીને દાહોદના સર્વે કર્મચારીઓ સિટી ગ્રાઉન્ડ ખાતે ભેગા મળી સરકાર દ્વારા લાદવામાં આવેલા ‘‘NPS’’ (નવી પેન્શન યોજના)ને સંપૂર્ણ નાબૂદ કરી ફરીથી જૂની પેન્શન યોજના ‘OPS’ શરૂ કરવા માટે મોટી સંખ્યામાં ભવ્ય રેલી દ્વારા વિરોધ પ્રદર્શન કરી અને સરકાર સામે આંદોલનરૂપી આહવાન કરવામાં આવ્યું હતું.આ રેલીમાં સમગ્ર દાહોદ જિલ્લાના લગભગ ૧૮ જેટલા કર્મચારી સંઘના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કર્મચારીઓ પણ હાજર રહી આંદોલનરૂપી ચળવળને સફળ બનાવી હતી.

# ઈમાન અને કુફ્રના વચ્ચે તફાવત

આયત :– યા ઐયુહલ્લાઝાન આમનુ લા તત્ખેઝુ અબાઓકુમ વ ઈખ્વાનુકુમ ઈનીસ્ત હબ્બુલ કુફ્ર અલલ ઈમાન.... છેવટ સુધી (અર્થ):– હે ઈમાનવાળાઓ તમારા બાપ અને ભાઈઓને દોસ્ત ના સમજે જો તેઓ ઈમાન પર કુફ્રને પસંદ કર અને તમારા જે કોઇ તેમાંથી મંત્રી કરશે તો તે જાલીમો માંથી છે. (માઅરે કુલ કુર્આન)

હદીષ :– જે કોઈ બદ મહઝબની તાઝીમ કરે તેણે ઈસ્લામને પાડી નાખવામાં મદદ કરી (ઈબ્ને શારીર).

હદીષ : – તમારામાં કોઈપણ મુસલમાન નહી થઈ શકે ત્યાં સુધી કે હું તેને તેના માં–બાપ, ઔલાદ અને તમામ માણસો કરતા પ્યારો ન હોઉ (બુખારી તથા મુસ્લીમ)

‘‘ અમીરુલ મૌમિનીન ગૈઝુલ મુનાફિકીન ઈમામુલ આદિલ સૈયદના ઉમર ફારૂક આઝમ, ર.દી. એ જ્યારે સુબૈગ ને જેના પર આપતે મુતશાબેહાલની બહષમાં બદનઝબોનો અંદેશો પામ્યો તો ખુબ પિટાઈ પછી તૈબા કરાવી અને અબુ મુસા અરખરી ર.દિ અને ફર્માના મોકલ્યુ કે મુસલમાન તેમની પાસે ન બેસે તેની સાથે ખરીદ– વેચાણ ન કરે બિમર પડે તો ખબર લેવા ન જાય અન મરી જાય તો તના જનાઝામાં હાજર ન થાય હજરત ઉમ્મરના મજબુત ફરમાન પર અમલ કરતા એક મુદ્દત સુધી એ હાલ રહ્યો કે જો સો માણસો બઠેલા હોય અને તે આવતો તો સૌ વિખરાઈ જતા જ્યારે અબુમુસા અશઅરી ર.દી.અ.એ અર્જ મોકલી કે હવે તેની હાલત સારી થઈ ગઈ છે. ત્યારે ઈજાજત ફરમાવી (ફતવાએ રિઝવિય્યહ, પેજ ૨૧૩).

તા.૧૫/૦૪/૨૨ શુક્રવાર
ખત્મે શહેરી ૪–૫૧
વકતે ઈફતાર ૭–૦૦

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

# દાહોદ શહેરમાં ભગવાન મહાવીર સ્વામી જીના જન્મ દિન નિમિત્તે દિગંબર અને સિતમ્બર સમાજના આગેવાનો દ્વારા શોભાયાત્રા કાઢવામાં આવી



દાહોદ,
દિગંબર જૈન સમાજના આગેવાનોએ વાગડિયા વાળા નગરપાલિકા સ્ટેશન રોડ તેમજ જુદા જુદા વિસ્તારોમાં શોભાયાત્રા કાળી કાઢી હતી. શ્વેતામ્બર સમાજના લોકોએ શહેરના હનુમાન બજાર નવકાર ગ્રુપ દ્વારા હનુમાન બજાર જૈન મંદિર થી શોભાયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. શોભાયાત્રા શહેરના નગરપાલિકા દોલત ગંજ બજાર થઈ ચિંતામણી પારસનાથ જૈન મંદિર ખાતે સમાપન કર્યું હતું. દિગંબર અને સિતમ્બર સમાજના આગેવાનોએ શોભાયાત્રામાં મહિલાઓ પુરૂષો બેન્ડ બાજા ના તાલ પર નાચતા ગાતા જુલતા મહાવીર જયંતી જન્મ દિવસની ઉજવણી કરી હતી. શહેરમાં દિગમ્બર સમાજ દ્વારા એમ.જી.રોડ વાંઘડિયા વાળ ગુજરાતી વાળનાના માર્ગો પર સ્ટેશન રોડ વિસ્તારના માર્ગો પર શોભાયાત્રા કાઢવામાં આવી હતી. મહાવીર જન્મ દિન નિમિત્તે જૈન સમાજના લોકોએ પોતાના ધંધા–રોજગાર બંધ રાખી શોભાયાત્રામાં મોટી સંખ્યામાં બાળકો મહિલાઓ પુરૂષો જોડાયા હતા.


# દાહોદ BJP દ્વારા ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિ નિમિતે શોભાયાત્રાનું આયોજન કરાયું



દાહોદ,
દાહોદ આજરોજ ડોક્ટર બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતી નિમિત્તે દાહોદ શહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દાહોદના સાંસદ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડોકટર બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતી નિમિત્તે દાહોદ શહેરના વિવિધ સંગઠનો સંસ્થા તેમજ રાજકીય પક્ષો દ્વારા તેઓની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. ત્યારે દાહોદ શહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા ડોક્ટર બાબા સાહેબ આંબેડકરની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રા સવારે ૮:૩૦ કલાકે આંબેડકર ભવન સુખદેવ કા કોલોની થી નીકળી વિવિધ માર્ગો પર શોભાયાત્રા ફરી હતી અને બાબાસાહેબની પ્રતિમા તરફ શોભાયાત્રા રવાના થઈ હતી અને જયાં બાબાસાહેબની પ્રતિમાને માલ્યાઅર્પણ કરવામાં આવી હતી. શોભાયાત્રામાં દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોર સહિત ભારતીય જનતા પાર્ટીના આગેવાનો તેમજ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગરબાડા કન્યા પ્રા.શાળા ખાતે ધો.૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો



ગરબાડા,
તાલુકા કન્યા પ્રાથમિક શાળા, ગરબાડા ખાતે ધોરણ ૮ની વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ કાર્યક્રમ યોજવામાં આવ્યો. તેમાં મુખ્ય અતિથિ તરીકે crc.co. તરીકે કૃપાલસિંહ સોલંકી હાજર રહ્યા હતા. SMC અદયક્ષ તથા સભ્યો હાજર રહી પ્રસંગને અનુરૂપ પ્રવચન આપ્યું. વિદ્યાર્થીનીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો તથા ધોરણ ૮ ની વિદ્યાર્થીનીઓએ પોતાના શાળા સંસ્મરણો રજુ કર્યા હતા. કૃપાલસિંહ સોલંકી તરફ થી ધોરણ ૮ ની વિદ્યાર્થીનીઓને ઇનામ આપવામાં આવ્યું. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય, શિક્ષકો તથા વિદ્યાર્થીનીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.197

તા.૧૫/૦૪/૨૦૨૨
શુક્રવાર

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા નગર પાલિકા વિસ્તારમાં જે

# CC રોડની કામગીરી ચાલી રહી હોય તેમાં કોન્ટ્રાકટર દ્વારા ગેરરીતિ અંગે પ્રાદેશિક કમિશ્નરને રજુઆત

ગોધરા,
ગોધરા નગર પાલિકાની ૨૦ નવેમ્બર ૨૦૨૦ની સામાન્ય સભામાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના ૨૦૨૦-૨૧માં ગોધરા પાલિકાને મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના ૨૦૨૦-૨૧માં ગોધરા પાલિકાને ૫ કરોડ ગ્રાન્ટ ફળવાઈ હતી. ફળવાયેલ ૫ કરોડના વિકાસ કામો નકકી કરવામાં આવ્યા હતા. આ વિકાસલક્ષી કામોનું ઈ-ટેન્ડરીંગ કરતા જય કન્સ્ટ્રકશનને અંદાજીત ભાવ કરતાં ૯ ટકા નીચા ભાવે એલ વન આપેલ હતા. જેને નગર પાલિકા દ્વારા ટેન્ડર મંજુર કરી કામગીરી કરવાનો વર્કઓર્ડર આપવામાં આવ્યો હતો. પાલિકા દ્વારા એમ ૨૫૦ કોક્રિટ કામગીરી કરવાની થતી હોય પરંતુ આ એજન્સી દ્વારા આર.એમ.સી.ની જગ્યાએ સાદા મિકસર મશીનથી કોંક્રિટની કામગીરી કરેલ છે. જે ટેન્ડરના વિરોધનું કામ કરેલ છે. મંજુર થયેલ કામોના કાર્યમાં જો આઈટમ બદલવાની હોય તો રીવાઈઝ તાંત્રિક મંજુર લેવાની રહે છે. જે ગોધરા નગર પાલિકા દ્વારા લીધેલ નથી. આમ, ગોધરા નગર પાલિકાના અધિકારી, પદાધિકારીની મિલીભગતથી કોન્ટ્રાકટરને આશરે રૂા.૮૦૦ ઘન મીટર ચુકવવાની ગોઠવણ કરેલ છે. તેની પારદર્શકતા પૂર્વક તપાસ કરી જવાબદાર અધિકારી સામે કાયદેસરના પગલાં ભરવા આવે અને એજન્સી દ્વારા ટેન્ડર જે મીટીરીયલ્સનો ઉલ્લેખ કરાયો હોય તે મુજબ કામ કરાવવામાં આવે જે કામગીરી કરવામાં આવી હોય તેને સ્ટોપ પેમેન્ટ કરવામાં આવે તેવી માંગ સાથે ગોધરા પૂર્વ પાલિકા સભ્ય ઈલ્યાસ ખાલીદ ચંદા દ્વારા પ્રાદેશિક કમિશ્નર નગર પાલિકા વડોદરાને લેખિત રજુઆત કરવામાં આવી છે.

## ગોધરા પશ્ચિમ વિસ્તારના પૂર્વ સભ્ય દ્વારા વિકાસના કામોના વિરોધ અંગે સોશ્યલ મીડીયા પર મેસેજ ફરતો થયો

ગોધરા,
ગોધરા પશ્ચિમ વિસ્તારના જુના પૂર્વ પાલિકા સભ્યો વિરૂદ્ધ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. પૂર્વ સભ્યો વિકાસના કામો થવા દેતા ન હોવાનું હાલના સભ્યો આક્ષેપ કરી રહ્યા છે અને પોતાની નિષ્ફળતા પૂર્વ સભ્યો ઉપર કોળી રહ્યા છે. પૂર્વ સભ્યો વિકાસના કામોના વિરોધ નથી કરતા પરંતુ ગોધરા પાલિકા વિસ્તારમાં વિકાસના કામો પૈકી સી.સી.રોડની કામગીરી કરાઈ રહી છે. તે રોડ આર.એમ.સી. પ્લાન્ટ મુજબ બનાવવા મંજુર થયેલ છે. પરંતુ એજન્સી કોન્ટ્રાકટર દ્વારા આર.એમ.સી. પ્લાન્ટ મુજબ રસ્તા બનાવી રહી નથી અને હલ્કી ગુણવતાની રોડ કામગીરી કરવામાં આવતી હોય તેની સામે પૂર્વ પાલિકા સભ્યોને વિરોધ છે. આર.એમ.સી. પ્લાન્ટ માંથી ફલોરી દ્વારા બનાવેલ માલ લાવવામાં આવે છે. જે મોંઘો પુરંતુ ટકાઉ અને મજબુત હોય તે મુજબનું એન્ટીમેન્ટ છે. તેના સ્થાને હલ્કી ગુણવતાની કામગીરી કરાઈ રહી છે અને આ કૌભાંડમાં અધિકારી, પદાધિકારીઓ અને કોન્ટ્રાકટર સામેલ છે. હલ્કી ગુણવતાનું કામ કરી ૧ રૂપીયાનું કામ ૩૦ પૈસામાં કરવું હોય તે થવા દેવાજો એમ વિરોધ કરીએ છીએ. હાલ કેટલાક મળતીયા કોન્ટ્રાકટર બનેલ કાઉન્સીલરો દ્વારા અપપ્રચાર કરવામાં આવી રહ્યો છે. રસ્તાની કામગીરીના પૂર્વ સભ્યો વિરોધ કરી રહ્યા છે પરંતુ હાલ સભ્યોને જાણકારીનો અભાવ છે કે આ રસ્તાના કામો જુના સભ્યો દ્વારા મંજુર કરાવેલ છે. ત્યારે મુસ્લીમ સમાજના ભાઈઓ બહેનો આવા ભ્રામિક જુના સભ્યો વિરૂદ્ધ અપ્રાર થઈ રહ્યો તેની હકીકત થી વાકેફ કરવા માટે સોશ્યલ મીડીયા દ્વારા જાણકારી અપાઈ છે.

### ૧૮ એપ્રિલનાં રોજ GUJCET-2022ની પરીક્ષા યોજાશે

## પંચમહાલ જિલ્લાનાં પરીક્ષા કેન્દ્રો વિસ્તારોમાં કલમ-૧૪૪ હેઠળ નિયંત્રણો જાહેર કરતું જાહેરનામું પ્રસિધ્ધ

ગોધરા,
આગામી ૧૮ એપ્રિલ, ૨૦૨૨નાં રોજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સવારનાં ૧૦.૦૦ થી બપોરનાં ૧૬.૦૦ કલાક દરમિયાન GUJCET-2022 પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. જેને ધ્યાનમાં રાખીને પંચમહાલ જિલ્લામાં આ પરીક્ષાઓનું સંચાલન સરળતાપૂર્વક થાય, ખંડ નિરીક્ષકો અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વગર નિરીક્ષણ કાર્ય કરી શકે તથા પરીક્ષાર્થીઓ શાંતિમય સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં નિર્ભયતાપૂર્વક તથા ગેરરીતિ કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષાઓ આપી શકે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એમ.ડી. ચુડાસમા (જી.એ.એસ.) દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ પરીક્ષા કેન્દ્રો ખાતેના સ્થળોથી ચતુરદીશમાં ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ અને વિસ્તારોમાં નિયંત્રણો જાહેર કરતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામા હેઠળ જિલ્લાના પરીક્ષાકેન્દ્રોએ તા. ૧૮મી એપ્રિલ, ૨૦૨૨નાં રોજ સવારના ૦૯.૦૦ કલાકથી ૧૬.૦૦ કલાક સુધીનાં સમયગાળા માટે નીચે દર્શાવેલ કૃત્યો કરવાની મનાઈ ફરમાવવામાં આવી છે.

આ જાહેરનામા દ્વારા પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધી કામગીરીમાં રોકાયેલા ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત વ્યક્તિઓએ અવરજવર કરવા ઉપર, કાયદેસરની ફરજ બજાવનારાઓને કોઈપણ પ્રકારે અડચણ કે અવરોધ કરવા કે કરાવવા ઉપર તેમજ કોઈપણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા કે કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવા ઉપર કે પરીક્ષાર્થીઓને શાંતિ-લેખન કાર્યમાં અડચણ-વિક્ષેપ થાય તેવું કોઈ કૃત્ય કરવા-કરાવવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત પરીક્ષાર્થીઓ, શિક્ષકો, સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના તમામ પ્રકારના સરકારી કર્મચારીઓ પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી વસ્તુ અથવા મોબાઈલ ફોન, પેજર, કેમેરા, લેપટોપ, કોમ્પ્યુટર, કેલ્કયુલેટર વગેરેનો ઉપયોગ કરવા, કરાવવા ઉપર, પુસ્તકો, કાપલીઓ, ઝેરોક્ષ નકલો કે પરીક્ષાલક્ષી કોઈપણ પ્રકારનું સાહિત્ય પરીક્ષા સ્થળમાં લઈ જવા, વહન કરવા કે તેમાં મદદગારી કરવા કે તેવી વસ્તુઓ સાથે પરીક્ષાસ્થળમાં પ્રવેશવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પરીક્ષામાં થતી ગેરરીતિ અટકાવવાના હેતુથી પરીક્ષા કેન્દ્રથી ૩ કિમીનાં વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ કોપિયર, ફેક્સ મશીન સંચાલકોએ કોપિયર મશીનોનો ઉપયોગ પરીક્ષાના દિવસે સવારના ૦૮.૦૦ કલાકથી પરીક્ષા પૂર્ણ થાય ત્યાં સુધી સદંતર બંધ રાખવાના થશે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ઈન્ડિયન પીનલ કોડની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

## હાલોલના હીરાપુર ગામે દુકાન આગળ બાઈક હટાવવા જેવી બાબતે એક જ્ઞાતિના બે જુથો વચ્ચે ધીંગાણું

હાલોલ,
હાલોલ તાલુકાના હીરાપુરા ગામે દુકાન આગળ પાર્ક કરેલ મોટર સાયકલ હટાવવા જેવી સામાન્ય બાબતે એક જ જ્ઞાતિના બે જૂથ વચ્ચે ધિંગાણું સર્જાતા બન્ને જૂથોએ એકબીજા સાથે લાકડીઓ વડે મારામારી કરતાં એક મહિલા સહિત ૧૦ જેટલા વ્યકિતઓને ઈજાઓ પહોંચતા સારવાર હેઠળ ખસેડાયા હતા. જ્યારે બનાવ અંગે હાલોલ તાલુકા પોલીસે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.



પ્રાપ્ત વિગતો અનુસાર હાલોલ તાલુકાના હીરાપુરા ગામે આવેલ એક દુકાન આગળ એક મોટર સાયકલ પાર્ક કરેલ હતી. જે મોટર સાયકલને હટાવવા જેવી બાબતે સામાન્ય બોલાચાલીએ ઝગડો તકરારનું સ્વરૂપ ધારણ કરતાં ગામમાં રહેતા એક જ જ્ઞાતિના બે જૂથો આમને-સામને આવી ગયા હતા અને લાકડીઓ લઈને એક બીજા ઉપર તૂટી પડ્યા હતા જેમાં નજીવી બાબતે થયેલ ઝઘડો તકરાર જોતજોતામાં હિંસક બની જતા એક બીજાની ઉપર તૂટી પડેલા એક જ જ્ઞાતિના બે જૂથોની અથડામણમાં એક મહિલા સહિત ૧૦ જેટલા લોકો ઈજાગ્રસ્ત થતા તમામને તાત્કાલિક સારવાર માટે હાલોલની રેફરલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. જેમાં ઈજાગ્રસ્ત થયેલા (૧) ધર્મેશ ગુલાબભાઈ રાઠોડ (૨) ઘનશ્યામ ભાઈ ગણપતભાઈ રાઠોડ (૩) દિલીપભાઈ ગણપતભાઈ રાઠોડ (૪) લક્ષ્મણ ગુલાબભાઈ રાઠોડ (૫) પંકજ લક્ષ્મણ રાઠોડ (૬) પ્રવીણભાઈ લક્ષ્મણભાઈ રાઠોડ (૭) કૌશિક લક્ષ્મણ રાઠોડ (૮) દિપીકાબેન પ્રવિણભાઈ રાઠોડ (૯) નારાયણ ગણપત રાઠોડ (૧૦) ગણપતભાઈ મગનભાઈ રાઠોડને હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવારની જરૂર જણાતા વડોદરા સયાજી હોસ્પિટલ સહિત હાલોલના ખાનગી દવાખાનામાં રીફર કરવામાં આવ્યા હતા. જેમાં હીરાપુર ગામે એક જ જ્ઞાતિના બે જુથો વચ્ચે મોટર સાયકલ હટાવવા જેવી સામાન્ય બાબતે ધીંગાણું સર્જાયો હોવાના બનાવની જાણ થતાં હાલોલ તાલુકા પોલીસ હીરાપુર ગામે તેમજ રેફરલ હોસ્પિટલ ખાતે દોડી આવી હતી અને બનાવ અંગે ફરિયાદ લઈ પોલીસ મથકે ગુનો નોંધવા માટેની તજવીજ હાથ ધરી છે.

## પંચમહાલ જિલ્લામાં ૧૮ એપ્રિલથી ૨૬ એપ્રિલ સુધી તમામ તાલુકાઓમાં આરોગ્ય મેળાનું આયોજન

ગોધરા,
કમિશનર આરોગ્ય તબીબી સેવાઓ ગાંધીનગર દ્વારા પ્રિન્સિપાલ સેક્રેટરી અને કમિશનર ઓફ હેલ્થના અધ્યક્ષસ્થાને બ્લોક હેલ્થ અને હેલ્થ વેલનેસ ડે અંગે વિડીયો કોન્ફરન્સ યોજાઈ હતી. આ વિડીયો કોન્ફરન્સમાં પંચમહાલ જીલ્લા કલેકટર, જીલ્લા વિકાસ અધિકારી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી કલેક્ટર કચેરી ખાતેથી જોડાયા હતા. કોન્ફરન્સ બાદ જિલ્લા વિકાસ અધિકારીએ આગામી સમયમાં યોજાનાર બ્લોક હેલ્થ મેળાના સુચારૂં આયોજન અંગે માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી. તેમણે આ મેળાઓનાં માધ્યમથી વધુ ને વધુ લોકો આયુષ્યમાન ભારત કાર્ડ કઢાવવા માટેની ઝુંબેશ હાથ ધરવા અંગે સુચના આપી હતી. તેમણે જેમનાં પીએમજેએવાય કાર્ડ રીન્યુ કરાવવાના બાકી હોય તેમના કાર્ડ રિન્યુલ અંગે આયોજન કરવા સૂચના આપ્યા હતા. જે અનુસાર તારીખ ૧૮ એપ્રિલથી ૨૬ એપ્રિલ ૨૦૨૨ સુધીમાં પંચમહાલ જિલ્લાનાં દરેક તાલુકાઓમાં આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય કાર્ડ, હેલ્થ કાર્ડ, કોવીડ રસીકરણ, એન.સી.ડી. સ્કીનીંગ તેમજ તમામ રોગનાં નિષ્ણાત ડોક્ટરો દ્વારા દર્દીઓનાં આરોગ્યની તપાસણી કરવામાં કરવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત તારીખ ૧૮ એપ્રિલનાં રોજ શહેરા તાલુકામાં, તારીખ ૧૯ એપ્રિલનાં રોજ ઘોઘંબા તાલુકામાં, મોરવા હડફ તાલુકામાં તારીખ ૨૧ એપ્રિલે, કાલોલ તાલુકામાં ૨૨ એપ્રિલનાં રોજ, જાંબુઘોડા તાલુકામાં તારીખ ૨૩ એપ્રિલે અને હાલોલ તાલુકામાં તારીખ ૨૫ એપ્રિલનાં રોજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે તેમજ ગોધરા તાલુકામાં તારીખ ૨૬-૦૪-૨૦૨૨નાં રોજ સિવિલ હોસ્પિટલ ગોધરા ખાતે મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળાઓમાં સ્પેશિયાલિસ્ટની મદદથી દર્દીઓને સારવાર પૂરી પાડવાનું આયોજન હાથ ધરવામાં આવશે. તે ઉપરાંત icds વિભાગ દ્વારા હેલ્ધી ફૂડનું નિદર્શન યોજાશે.

## શહેરાની જૂનીવાડી ગામે પૌરાણિક હનુમાનજી મંદિર ખાતે હનુમાન જયંતિને લઈ તડામાર તૈયારી

શહેરા,
શહેરા તાલુકાના જૂની વાડી ગામ ખાતે આવેલા પૌરાણિક હનુમાનજી મંદિર ખાતે હનુમાન જયંતીને લઈને તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જયારે શનિવારના રોજ મંદિર ખાતે લોક ડાયરા સહિત અનેક ધાર્મિક કાર્યક્રમો યોજાશે, સાથે મોટી સંખ્યામાં ભકતો દાદાના દર્શને ઉમટી આવશે.



શહેરા સહિત સમગ્ર જિલ્લામાં શનિવારના રોજ હનુમાન જયંતી ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવનાર છે. જયારે તાલુકાના જુની વાડી ગામ ખાતે આવેલ હનુમાનજી મંદિર ખાતે પણ હનુમાન જયંતીને લઈને ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામા આવેલ હોવાથી હનુમાન દાદાના ભકતો દ્વારા અત્યારથી જ મંદિરને રોશનીથી શણગારવા સાથે તડામાર તૈયારીઓ પણ કરાઈ રહી છે. પૌરાણિક હનુમાનજી મંદિર ખાતે શનિવારના રોજ સુંદરકાંડ, મારૂતિ યજ્ઞ તેમજ સાંજના સમયે મહાપ્રસાદી સાથે રાત્રિના સમયે લોકડાયરાનું પણ આયોજન સ્થાનિક ગ્રામજનો દ્વારા કરવામાં આવેલ છે.

## મોબાઈલ ફોન ચીલ ઝડપ કરતા આરોપીને રંગેહાથે ઝડપી પાડતી ગોધરા રેલ્વે પોલીસ

ગોધરા,
નવનિયુકત પોલીસ અધિક્ષક રાજેશ પરમાર પ.રે.વડોદરા નાઓએ ટ્રેનમાંથી ચીલ ઝડપ કરતા ઈસમો ઉપર વિશેષ વોચ રાખવા તથા ગુન્હાખોરી અટકાવવા રેલ્વે યાર્ડ વિસ્તારમા અપ-ડાઉન ટ્રેનો ઉપર કોઈ મિલ્કત સંબંધી ગુનો ના બને તે માટે સુચિત કરેલ જે અન્વયે એમ.એ ચૌધરી S.D.P.O વડોદરા ડિવિઝન તથા સી.પી.આઈ એસ.બી.જાડેજા નાઓના માર્ગદર્શન હેઠળ પો.સબ.ઈન્સ આર.આર.આલ તેમજ ગોધરા રેલ્વે પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફના પોલીસ કર્મચારીઓ પેટ્રોલીંગ કરતા યાર્ડમા હાજર હતા. દરમિયાન આજ રોજ સવારે ક .૦૭/૫૫ વાગે ટ્રેન નં .૧૯૦૧૯ દહેરાદુન એક્સપ્રેસ ધીમી ગતીએ યાર્ડમા પસાર થતી હતી. તે વખતે એક ઈસમ ચોર ચોર ની બુમો પાડતો તે વખતે તેની આગળ ચોર ઈસમ ભાગતો હોય તેને કોર્ડન કરી પકડી પાડેલ અને ચોર ઈસમ પાસેથી ફરીયાદીનો એક મોબાઈલ ફોન વીવો કંપનીનો બ્લેક બ્લ્યુ કલરનો વી -૨૧ મોડલનો



કી.રૂ.૩૦,૦૦૦/-ની મત્તાનો મળી આવેલ તેની પાછળ આવતા ફરી નામે રાહુલ સ/ઓ કૈલાશજી જાતે.બીડાના ઉ.વ ૨૪ રહે.ગામ ભડલા તા.ખાચરોદ જી.ઉજ્જૈન એમ.પી વાળા નાઓ સદર ટ્રેનમાં નાગદા જતા હતા તે દરમિયાન આ ચોર ઈસમ નામે શાહરૂખ સ/ઓ શુભરાત્રી ઉર્ફે બિદ્દુ જાતે દિવાન ઉ.વ .૨૩ રહે. કુદરતશાહનો તકીયો પીપલેશ્વર મંદિરની પાછળ ઝુપડપટ્ટીમા ખાડી ફળીયા ગોધરા જી.પંચમહાલ વાળો ફરીના હાથ માંથી ઉપરોક્ત મો.ફોન ચીલ ઝડપ કરી હાથ માંથી ઝુટવી લઈ નાસી જતા પકડાઈ ગયેલ હોય જેના ઉપર કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## શહેરા તાલુકા BRC ભવન ખાતે બંધારણ અધિકારી દિવસ પ્રા.શિક્ષકો એકત્રિત થઈ જુની પેન્શન યોજના લાગુ કરવા માંગ




શહેરા,
શહેરા તાલુકા પંચાયત કચેરી ખાતે આવેલા બી.આર.સી ભવન ખાતે બંધારણ અધિકાર દિવસને લઈને તાલુકાની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકો એકત્રિત થઈ ને જૂની પેન્શન યોજના લાગુ કરવાની માંગ કરવામાં આવી રહી હતી. રાજ્ય સરકાર શિક્ષકોની જૂની પેન્શન યોજના ની માગણી વહેલી તકે નહીં સ્વીકારે તો શિક્ષકો હવે લડી લેવાના મુડમાં હોય તેમ લાગી રહ્યું છે.

શહેરા સહિત સમગ્ર જિલ્લામાં ડોકટર બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતીની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જયારે તાલુકા પંચાયત કચેરીના પટાંગણમાં પ્રાથમિક શિક્ષણ વિભાગના બી.આર.સી ભવન ખાતે ડોકટર બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતી નિમિત્તે પેન્શન બંધારણ અધિકાર દિવસને લઈને નગર અને તાલુકાની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા મોટી સંખ્યામાં શિક્ષકો એકત્રિત થયા હતા. પ્રાથમિક શિક્ષકો દ્વારા જૂની પેન્શન યોજનાની માંગ સાથે અનોખી રીતે વિરોધ સરકાર સામે દર્શાવ્યો હતો. શિક્ષકો દ્વારા રાજ્ય સરકાર અમારી માંગણી વહેલી તકે સ્વીકારે અને જૂની પેન્શન યોજનાની અમલવારી કરે તેવી માંગ વાળા અનેક બેનરો સાથે સૂત્રોચાર પણ કરવામાં આવી રહ્યા હતા. રાજ્ય સરકાર શિક્ષકોની જૂની પેન્શન યોજનાની જે માંગણીને કયારે સ્વીકારે છે તે તો જોવું જ રહ્યું છે. પ્રાથમિક શિક્ષકો દ્વારા જૂની પેન્શન યોજના લાગુ કરવાની માંગ ને લઈને અનેક કાર્યક્રમો કરવામાં આવી રહ્યા હોય ત્યારે આ વખતે શિક્ષકો પોતાની પડતર માંગણીને લઈને લડી લેવાના મુડમાં લાગી રહયા છે.

## ગોધરામાં બાબાસાહેબના જન્મ દિવસે શિક્ષકો તથા અન્ય વિભાગોના કર્મચારીઓ દ્વારા ધારાસભ્યને આવેદનપત્ર આપવામાં આવ્યું

ગોધરા,
રાજ્ય સરકાર દ્વારા ૨૦૦૪ પછી નોકરીમાં સમાવેશ થયાં હોય તેવા કર્મચારીઓને પેન્શન આપવાનું બંધ કરવામાં આવ્યું છે. પેન્શન અમારો હક છે. એ વિચાર સાથે આજે બાબાસાહેબના જન્મ દિવસે મોટી સંખ્યામાં શિક્ષકો તથા અન્ય વિભાગોના કર્મચારીઓ એકત્રિત થયા હતા. સર્કિટ હાઉસ ગોધરા ખાતે બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી રેલી સ્વરૂપે માનનીય ધારાસભ્ય ગોધરાને ભૂરાવાવ ખાતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.



સરકાર દ્વારા વહેલી તકે પેન્શન યોજના ફરી શરૂ કરવામાં આવે તેવી માંગ સાથે સૌ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.પેન્શન યોજના ફરી શરૂ કરે તેવી સૌ કર્મચારી ઈચ્છી રહ્યા છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, સરકારના ચૂંટાયેલા ધારાસભ્ય, સંસદસભ્યોને પેન્શન મળે છે પણ કર્મચારીઓને બંધ કરવામાં આવ્યું છે. આ માટે કર્મચારીઓને પેન્શન યોજના શરૂ કરવાની માંગ છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

મન્સુરી યુસુફ અ.મજીદ
મુ. જીતપુરા, તા. ગોધરા, જી. પંચમહાલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ઘાંચી કાદીરભાઈ અજીતભાઈ
મુ. જીતપુરા, તા. ગોધરા, જી. પંચમહાલ